પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૮૬ | ૨૭ ડીસેમ્બર, ૨૦૨૦, રવિવાર; માગશર સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦




કડકડતી ઠંડીમાં આંદોલનની ગરમી - દિલ્હીની સીંધુ બોર્ડર અને ગાઝીયાબાદ બોર્ડર પર ખેડૂતોની સંખ્યા ૩૧માં દિવસે પણ વધી રહી છે... હજુ દેશભરમાંથી હજારોની સંખ્યામાં ખેડૂતો આવી રહ્યાના અહેવાલોની વચ્ચે ૨૯મીએ અર્થાત મંગળવારે સરકાર સાથે વાતચીત થવાની સંભાવનાઓ પણ સર્જાઈ રહી છે... એમએસપી અને એપીએમસીની કાયદાકીય જોગવાઈઓ થાય એવા મુદ્દા પર ખેડૂત અગ્રણીઓ વાત કરવા રાજી થયા હોવાનું મનાય છે... હરિયાણામાં ખેડૂત આંદોલનના રાજકીય આંચકા પણ આવી રહ્યા છે... રાષ્ટ્રીય લોક તાંત્રિક પક્ષેસ એનડીએ સાથે છેડો ફાડવાનું મન બનાવી લીધું છે... જેના ૬ સાંસદો તો ખુલ્લેઆમ આંદોલનને ટેકો આપે છે... હરિયાણાની ભાજપ સરકારને સમર્થન આપતું આરએલપી જો એનડીએમાંથી છૂટું પડશે તો હરિયાણામાંથી ભાજપને સત્તા ગુમાવવાનો વારો આવે એમ છે... આમ ખેડૂત આંદોલન તળે રાજકીય રંગ પણ પકડાઈ રહ્યો છે...

## યુકેથી કેરળ આવેલા આઠ મુસાફરોના રિપોર્ટ પોઝિટિવ

**મુસાફરોના સેમ્પલ પુણે મોકલાયા : યુકેથી ફેલાયેલો કોરોના વાયરસનો નવો પ્રકાર ભારતમાં ન ઘૂસી જાય તે માટે એરપોર્ટ્સ પર કાળજી રખાઈ રહી છે**

થીરુવનનંતપુરમ,તા.૨૬

બ્રિટન સહિતના દેશોમાં કોરોના વાયરસના નવા પ્રકારના કેસ સામે આવ્યા બાદ વિદેશથી આવતા મુસાફરો પર ખાસ નજર રાખવામાં આવે છે. જેમાં યુકેથી આવેલા મુસાફરો કોરોના પોઝિટિવ આવતા ખાસ તકેદારીના પગલા ભરવામાં આવી રહ્યા છે. તેમના સેમ્પલને આગળ તપાસ માટે પણ મોકલવામાં આવ્યા છે. મહત્વનું છે કે, વાયરસના નવા પ્રકારના કારણે ખાસ સાવચેતી રાખવામાં આવે છે, કારણ કે આ નવા સ્વરુપથી કેસ ઝડપથી ફેલાય છે.

સ્વાસ્થ્ય મંત્રી કેકે શાહીલ્જાએ શનિવારે જણાવ્યું કે યુકેથી આવેલા ૮ મુસાફરો પોઝિટિવ આવ્યા છે અને તેમના સેમ્પલના વિસ્તૃત રિપોર્ટ માટે તેને એનઆઈવી મોકલવામાં આવ્યા છે. વધુમાં સ્વાસ્થ્ય મંત્રીએ જણાવ્યું કે, દુનિયાના યુકે સહિતના બાકી દેશોની સ્થિતિને ધ્યાનમાં રાખીને ભારત પરત આવતા મુસાફરોના ટેસ્ટ કરીને વિસ્તૃત તપાસ કરવામાં આવે છે. રાજ્યના અન્ય ચાર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પણ ખાસ નજર રાખવામાં આવી રહી છે.

## દેશમાં નવા કેસ કરતા સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધી

**દેશમાં કોરોનાના વળતાં પાણીથી રાહત : સતત પાંચમા દિવસે દેશમાં કુલ કેસ ત્રણ લાખથી ઓછા રહેતા સંક્રમણ નિયંત્રણ મેળવાતું હોવાની આશા**

નવી દિલ્હી, તા. ૨૬

કોરોના વાયરસના અપડેટ પર નજર કરીએ તો ભારત માટે રાહતની વાત એ છે કે, સતત ૫મા દિવસે ૩ લાખ કરતા ઓછા કેસ રહ્યા છે. આ સાથે તેમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. શુક્રવારે દેશમાં ૨૩,૦૦૦ કરતા પણ ઓછા કોરોના કેસ નોંધાયા છે. આ સિવાય એક મહત્વની વાત એ છે કે દેશમાં નોંધાયેલા નવા કેસ કરતા સાજા થયેલા દર્દીઓનો આંકડો એકદમ સામાન્ય પણ વધુ મોટો રહ્યો છે.

શનિવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જણાવ્યા પ્રમાણે ભારતમાં પાછલા ૨૪ કલાકમાં કોરોના વાયરસના વધુ ૨૨,૨૭૨ કેસ નોંધાયા છે, આ સાથે કુલ કેસનો આંકડો ૧,૦૧,૬૯,૧૧૮ થઈ ગયો છે. આ સાથે જોવા મળી રહ્યું છે કે, દેશમાં કોરોના વાયરસના નવા નોંધાઈ રહેલા આંકડામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. નવેમ્બર દરમિયાન જે ઉછાળો આવ્યો હતો તે પછી વિવિધ રાજ્યો દ્વારા જરુરિયાત પ્રમાણેના પગલા ભરવામાં આવ્યા છે.

આ સાથે દેશમાં એક દિવસમાં કોરોનાથી વધુ ૨૫૧ દર્દીઓએ જીવ ગુમાવ્યો છે, જેની સાથે કુલ મૃતકોનો આંકડો ૧,૪૭,૩૪૩ પર પહોંચ્યો છે, હાલ દેશમાં કોરોના વાયરસના એક્ટિવ કેસનો આંકડો ૨,૮૧,૬૬૭ પર પહોંચ્યો છે, દેશમાં પાછલા ૨૪ કલાકમાં ૨૨,૨૭૪ લોકોએ કોરોનાને હરાવ્યો છે. એટલે કે નવા નોંધાયેલા કેસ કરતા સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધુ નોંધાઈ છે.

## ૨૦૩૦ સુધીમાં ભારત વિશ્વની ત્રીજી મોટી અર્થવ્યવસ્થા હશે

**બ્રિટનની આર્થિક સંશોધન સંસ્થાનો સંકેત : CEBRના રિપોર્ટ મુજબ ભારત ૨૦૨૫ સુધી બ્રિટનને પછાડી ફરી વિશ્વની પાંચમી મોટી અર્થવ્યવસ્થા બની જશે**

લંડન, તા. ૨૬

બ્રિટનની પ્રમુખ આર્થિક સંશોધન સંસ્થા સેન્ટર ફોર ઈકોનોમિક એન્ડ બિઝનેસ રિસર્ચ-સીઈબીઆરના રિપોર્ટમાં ભારતના અર્થતંત્રને લઈને સારા સંકેત દર્શાવવામાં આવ્યા છે. સીઈબીઆરની રિપોર્ટ મુજબ ભારત ૨૦૨૫ સુધી બ્રિટનને પાછળ છોડીને ફરી એકવાર દુનિયાની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે અને ૨૦૩૦ સુધી ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા હશે.

રિપોર્ટ મુજબ કોરોના મહામારીને લીધે ૨૦૨૦માં ભારતીય અર્થવ્યવસ્થા આ હરોળમાં એક સ્થાન નીચુ ઉતરીને છઠ્ઠા ક્રમે આવી હતી. ભારત ૨૦૧૯માં બ્રિટનને પાછળ છોડીને પાંચમાં સ્થાને આવ્યું હતું.

સીઈબીઆરની રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે, વૈશ્વિક મહામારીને લીધે અન્ય દેશોની જેમ ભારતના અર્થતંત્ર પર પ્રતિકૂળ અસર પડી હતી. જેના કારણે ૨૦૧૯માં બ્રિટનને પાછળ છોડ્યા બાદ પણ આ મહામારીના વર્ષમાં એક ક્રમ પાછુ પડ્યુ હતું. રિપોર્ટ મુજબ બ્રિટન ૨૦૨૪ સુધી ભારત કરતાં આગળ રહેશે અને પછીથી ભારતનું અર્થતંત્ર અસરકારક પ્રદર્શન કરશે.

રિપોર્ટમાં એવું અનુમાન બાંધવામાં આવ્યું હતું કે ૨૦૨૧માં ભારતનો વિકાસ ૯ ટકા અને ૨૦૨૨માં ૭ ટકા રહેશે. સીઈબીઆરનું કહેવુ હતું કે આ સ્વાભાવિક સ્થિતિ છે કે, ભારત જેમ-જેમ આર્થિક રીતે વિકાસ પામશે, દેશનો વિકાસ દર ધીમો પડશે અને ૨૦૩૫ સુધી આ પ્રમાણ ૫.૮ ટકા આવી જશે. સીઈબીઆર મુજબ ભારતનું અર્થતંત્ર કોરોના મહામારી આવી

● અનુસંધાન પાન-૭ પર

## મધ્યપ્રદેશમાં લવ જેહાદ વિરોધી કાયદાને મંજૂરી

ભોપાલ,તા.૨૬

મધ્ય પ્રદેશની ભાજપ સરકારે પણ ઉત્તર પ્રદેશ અને હિમાચલ પ્રદેશની જેમ લવ જિહાદ વિરોધી કાયદો ઘડ્યો હતો. છેલ્લા થોડા સમયથી એવી ઘટનાઓ વધી હોવાના અહેવાલ હતા કે દાઢીમૂછ કઢાવી નાખીને તેમજ પોષાક પહેરવેશ બદલીને ખોટી ઓળખ આપીને કેટલાક મુસ્લિમ યુવાનો હિન્દુ યુવતીઓને ભોળવતા હતા અને છેતરપીંડીથી લગ્ન કરીને ત્યારબાદ યુવતીને મુસ્લિમ ધર્મ સ્વીકારવાની ફરજ પાડતા હતા.

આવા કેટલાક બનાવોની પોલીસ ફરિયાદ થતાં અને મિડિયામાં હો હા થતાં સૌ પ્રથમ ઉત્તર પ્રદેશમાં યોગી આદિત્યનાથની સરકારે લવ જિહાદ વિરોધી કાયદો ઘડ્યો હતો.

## છેલ્લે... છેલ્લે...

- પ્રજાસત્તાક દિન પરેડમાં જોડાનાર જવાનોમાંથી ૧૫૦ને કોરોના પોઝીટીવ.
- ગુજરાતમાં ઓવૈસીની એન્ટ્રી. એઆઈએઆઈએમ અને બીપીટીએ ચૂંટણી સમજુતી કરી.
- બોલીવુડ અભિનેતા આમિરખાને સાસણગીરની મુલાકાત લીધી.
- મધ્યપ્રદેશમાં લવ જેહાદ કાયદાને મંજુરી.
- અમદાવાદ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવની ઉજવણી રદ
- આજથી સીપ્લેન સેવા પુનઃ આરંભાશે.
- કેરળના તિરુવનંતપુરમના મેયર પદે ૨૧ વર્ષીય આર્યા રાજેન્દ્રમની વરણી.
- ઉધરપુલ અને ગાંદરબલને છોડી કાશ્મિરના મોટાભાગના જિલ્લાઓમાં ૮મી સુધી ઈન્ટરનેટ સેવા પર પ્રતિબંધ.
- વિશ્વમાં કોરોનાના કેસ આઠ કરોડને પાર.

## બ્રિટન બાદ હવે ફ્રાન્સમાં પણ કોરોનાનો નવો સ્ટ્રેઈન દેખાયો

**બ્રિટનમાં કોરોનાના નવા સ્ટ્રેનનો કહેર : ૧૯ ડિસેમ્બરે લંડનથી આવેલો ફ્રાન્સના નાગરિક નવા સ્ટ્રેનથી પીડિત હોઈ ઘરમાં જ આઈસોલેટ કરી દેવાયો**

પેરિસ, તા. ૨૬

બ્રિટનમાં કહેર વરસાવનાર કોરોના વાયરસનો




નવો સ્ટ્રેન ઘાતક બન્યો છે. ત્યાં હવે ફ્રાન્સથી પણ ચોંકાવનારી માહિતી સામે આવી છે. ફ્રાન્સે કહ્યું કે તેમના દેશમાં એક નવો સ્ટ્રેન કોરોના વાયરસનો જોવા મળ્યો છે. કોરોનાના આ વધુ ચેપી સ્ટ્રેનની ઓળખ બ્રિટનમાં થઈ હતી. તેમજ દક્ષિણ આફ્રિકા, નાઈજિરીયાથી પણ આ કેસ નોંધાયા છે. ફ્રાન્સના આરોગ્ય મંત્રાલયના અધિકારીઓ કહે છે કે કોરોનાના નવા સ્ટ્રેનથી પીડિત વ્યક્તિ ફ્રાન્સનો નાગરિક છે અને તે ૧૯ ડિસેમ્બરના રોજ લંડનથી આવ્યો હતો. તેમણે કહ્યું કે સંક્રમિત વ્યક્તિ પોતાના ઘરમાં જ આઈસોલેટ થયો છે.

બ્રિટનમાં કોરોના વાયરસનો નવો સ્ટ્રેન મળ્યા બાદ ભારત સહિત ઘણા દેશોએ ત્યાંથી આવતા લોકોના આગમન પર પ્રતિબંધ મૂકી દીધો હતો. ફ્રાન્સે પણ બ્રિટનથી વિમાનોની અવરજવર પર પ્રતિબંધ મૂક્યો હતો પરંતુ બુધવારે આ પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો હતો. હવે તે લોકોને આવવા દેવાની મંજૂરી છે જેમનો ટેસ્ટ નેગેટિવ આવી રહ્યો છે. ક્રિસમસના દિવસે હજારો લૉરી ડ્રાઈવરોએ પોતાની ગાડીમાં જ રહેવું પડ્યું હતું.

ફ્રાન્સના આરોગ્ય મંત્રાલયે કહ્યું કે ૨૧ ડિસેમ્બરે પીડિત વ્યક્તિ એક હોસ્પિટલમાં તપાસ કરવામાં આવી. તેણે કહ્યું કે પીડિત વ્યક્તિ બરાબર છે. આની પહેલાં શુક્રવારે જાપાન, ડેનમાર્ક, નેધરલેન્ડ્સ અને ઑસ્ટ્રેલિયાએ અહેવાલ આપ્યો હતો કે તેમના ત્યાં પણ કોરોના વાયરસના નવા સ્ટ્રેનથી સંક્રમિત દર્દીઓના કેસ નોંધાયા છે. અગાઉ બ્રિટન અને

● અનુસંધાન પાન-૭ પર




## દિલ્હીમાં બેઠેલા કેટલાક મને લોકશાહીના પાઠ ભણાવે છે : મોદી

**જમ્મુ-કાશ્મીરમાં આયુષ્માન ભારત પીએમ-જય સેહત યોજના લોંચ : ડીડીસી ચૂંટણીનો ઉલ્લેખ કરતા મોદીના કોંગ્રેસ પર તીવ્ર પ્રહારો, લોકશાહીને મજબૂત કરવા માટે જમ્મુ અને કાશ્મીરના લોકોને પણ અભિનંદન પાઠવ્યા**

નવી દિલ્હી, તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ



કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરને મોટી ભેટ આપતા આયુષ્માન ભારત 'પીએમ-જય સેહતહ્મ યોજના લોન્ચ કરી. આ દરમિયાન તેમણે યોજનાના બે લાભાર્થીઓ સાથે વાત પણ કરી હતી. તેની સાથે જ પીએમ મોદીએ ડીડીસી ચૂંટણીનો ઉલ્લેખ કરતા કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતા કહ્યું કે કેટલાક લોકો દિલ્હીમાં નિંદા કરે રાખે છે. જમ્મુ-કાશ્મીરના લોકોએ લોકશાહી માટે મત આપ્યો.

ડીડીસી ચૂંટણી પર પીએમ મોદીએ કહ્યું હતું કે હું લોકશાહીને મજબૂત કરવા માટે જમ્મુ-કાશ્મીરના લોકોને પણ અભિનંદન આપું છું. ડીડીસીની ચૂંટણીએ એક નવો અધ્યાય લખ્યો છે. તેમણે વધુમાં કહ્યું કે જમ્મુ-કાશ્મીરના દરેક મતદાતાના ચહેરા પર મને વિકાસ માટે, ડેવલપમેન્ટ માટે એક આશા દેખાઈ, ઉમંગ દેખાયો. જમ્મુ-કાશ્મીરના દરેક મતદાતાની આંખોમાં મેં અતીતને પાછળ છોડતા શ્રેષ્ઠ ભવિષ્યનો વિશ્વાસ જોયો. પીએમ મોદીએ કહ્યું કે કેટલાક લોકો આજ-કાલ

● અનુસંધાન પાન-૭ પર


REQUIRED
☞ REAL ESTATE MARKETING MAN.
☞ OFFICE BOY.
1-2 YEAR EXPERIENCE PREFERRED.
TWO WHEELER IS MUST.
PAY + PETROL + INCENTIVE.
CALL 99747 03401
98240 49098